**EDII**

**Sandesh**

**12May 2021**

**City Update**

# EDII અને ડિજિટલ યુનિવર્સિટી કેરળ બ્લોકચેઇન સ્ટાર્ટઅપ પ્રોગ્રામ શરૂ કરશે

સિટી લાઈફ ▸▸ આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા (ઈડીઆઈઆઈ), અમદાવાદ અને ડિજિટલ યુનિવર્સિટી ઓફ કેરળ (ડીયુકે)એ કેરળ બ્લોકચેઈન એકેડેમી (કેબીએ) સાથે ડીયુકે પ્રજ્ઞાના સંયુક્તપણે 'બ્લોકચેઈન સ્ટાર્ટઅપ્સ' માટે સર્ટિફાઈડ પ્રોગ્રામ શરૂ કર્યો છે. આ પ્રોગ્રામનો ઉદ્દેશ સ્ટાર્ટઅપ્સ અને વ્યક્તિઓને પર્યાપ્ત જાણકારી, કુશળતા આપવાનો તથા ઉદ્યોગસાહસિકતા અને સ્ટાર્ટઅપ્સ સાથે સંબંધિત સમસ્યાઓ, તકો અને પડકારોની સમજણ કેળવવા અને અસરકારક સમાધાન મેળવવાના અભિગમ કેળવવામાં મદદરૂપ થવાનો છે. જે બ્લોકચેઈન ટેકનોલોજીના ક્ષેત્રમાં સ્ટાર્ટઅપ્સ સ્થાપિત કરવા તરફ દોરી જશે.

પ્રોગ્રામના ઈનોગ્રેશનમાં વર્ચ્યુઅલ માધ્યમ થકી ડિજિટલ યુનિવર્સિટી ઓફ કેરળના વાઈસ-ચાન્સેલર ડો. સાજી ગોપીનાથ, ઈડીઆઈઆઈના ડાયરેક્ટર જનરલ ડો. સુનિલ શુક્લા, ડિજિટલ યુનિવર્સિટી ઓફ કેરળના ડીન (રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ) અને કેરળ બ્લોકચેઈન એકેડેમીના પ્રોફેસર-ઈન-ચાર્જ ડો. અશરફ એસ, ઈડીઆઈઆઈના સધર્ન રિજનના રિજનલ ડાયરેક્ટર ડો. રમન ગુજરાલ અને ઈડીઆઈઆઈની કેરળ ઓફિસના ઈનચાર્જ અને આસિસ્ટન્ટ ફેકલ્ટી શિબિન મોહમ્મદ ઉપસ્થિત રહ્યાં હતાં. પ્રોગ્રામનું પ્રથમ સત્ર ૭ જૂન, ૨૦૨૧થી શરૂ થશે અને ઉદ્યોગસાહસિક થવા ઈચ્છતી દરેક વ્યક્તિ તથા બ્લોકચેઈન ટેકનોલોજીના ક્ષેત્રમાં સ્ટાર્ટ-અપ સ્થાપિત કરવા ઈચ્છતાં વિદ્યાર્થીઓ એમાં સામેલ થઈ શકશે. અત્યાર સુધી પ્રથમ બેચ માટે લાયકાત ધરાવતા ૩૫ લોકોએ રજિસ્ટ્રેશન કરાવ્યું છે.

**૧૪-દિવસનો ઇન્સ્ટ્રક્ટર સંચાલિત ઓનલાઇન પ્રોગ્રામ ૭ જૂન, ૨૦૨૧થી શરૂ થશે. EDII દ્વારા ઓનલાઈન પ્રોગ્રામનું વર્ચ્યુઅલ ઈનોગ્રેશન કર્યું**